## શહેરમાં વિવિધ સંસ્થાઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

# પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડવાની નેમ લેવાઈ

### યુવાઓ, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરે પણ રીલ્સ થકી પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો

**સંદેશ**

આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસ પ્લાસ્ટિક પ્રદુષણ હટાવો થીમ પર ઉજવાઈ રહ્યો છે. ત્યારે વિવિધ સંસ્થાઓ દ્વારા પોતાના કાર્યાલયોના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરી પ્લાસ્ટિક પ્રદુષણ ઘટાડવાની નેમ સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તે સાથે જ લોકોમાં પર્યાવરણ સંરક્ષણ વિશે જાગૃતતા ફેલાવાઈ હતી.




કોનમેટ દ્વારા કમાટીબાગ ખાતે સવારે વિવિધ છોડનું વિતરણ કરાયું હતું

## આકાશવાણી વડોદરા ખાતે વૃક્ષારોપણ કરાયું



આકાશવાણી ખાતે પાલિકાના સહયોગથી વૃક્ષારોપણનું આયોજન કરાયું હતું. જેમાં ૧૦ વિવિધ પ્રકારનાં છોડ રોપવામાં આવ્યાં હતા. આ પ્રસંગે સ્ટેશન ડાયરેક્ટર અને કાર્યક્રમ અધ્યક્ષ જગદીશ પરમાર તેમજ કોર્પોરેશનના વોર્ડ ઓફિસર રિતેશભાઈ સોલંકી, અને કાર્યલયના અધિકારી તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.